દિવ્ય ભાસ્કર, પાના નંબર- 02,
તારીખ :- 02/06/2025.

### ફાઈનલના દિવસે 1.95 લાખ પેસેન્જર, સામાન્ય રવિવાર કરતાં 66% વધુ

# આઈપીએલની 8 મેચના દિવસે 15.47 લાખ લોકોએ મેટ્રો ટ્રેનની મુસાફરી કરી

### રાત્રે 2.19 વાગ્યા સુધી 62 વધારાની ટ્રેનો દોડાવાઈ, સવા 2 કરોડ આવક

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રવિવારે આઈપીએલ ફાઈનલ મેચને પગલે મેટ્રો મુસાફરોનો ધસારો જોવા મળ્યો હતો. રવિવારે મેટ્રોમાં 1,95,868 મુસાફરો મેટ્રોમાં નોંધાયા હતા, જે સામાન્ય રવિવાર કરતાં 66 ટકા વધુ છે. જ્યારે આઈપીએલની અમદાવાદમાં યોજાયેલી 8 મેચના દિવસે કુલ 15.47 લાખ મુસાફરોએ મેટ્રોનો ઉપયોગ કર્યો હતો.

મોટેરાથી છેલ્લી મેટ્રો ટ્રેન રાત્રે 2.19 કલાકે ઊપડી મેચ પૂરી થયા બાદ સ્ટેડિયમ બહાર લોકોની ભારે ભીડને જોતા રોજિંદા સમયપત્રક ઉપરાંત વધારાની 62 મેટ્રો ટ્રેનો દોડાવાઈ હતી. છેલ્લી ટ્રેન મોટેરા મેટ્રો સ્ટેશનથી એપીએમસી તરફ જવા માટે મોડી રાત્રે 2.19 કલાકે ઊપડી હતી. પૂર્વ-પશ્ચિમ કોરિડોરની કનેક્ટિવિટી માટે ઓલ્ડ હાઈકોર્ટ મેટ્રો સ્ટેશનથી છેલ્લી લિંક ટ્રેન રાત્રે 2.25 કલાકે રવાના કરાઈ હતી.

**30 એપ્રિલે સૌથી વધુ 2.26 લાખ મુસાફરો**

| મેચની તારીખ | મુસાફરો | આવક |
|---|---|---|
| 4 એપ્રિલ | 1,76,761 | 24.62 લાખ |
| 17 એપ્રિલ | 1,85,488 | 25.54 લાખ |
| 20 એપ્રિલ | 1,90,790 | 26.66 લાખ |
| 30 એપ્રિલ | 2,26,112 | 34.04 લાખ |
| 3 મે | 1,57,270 | 23.93 લાખ |
| 12 મે | 1,92,085 | 26.79 લાખ |
| 21 મે | 2,22,918 | 31.88 લાખ |
| 31 મે | 1,95,868 | 30.68 લાખ |